## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અમારા વખતે તો કોરોના જેવું કાંઈ ન હતું... રોજે રોજ સ્કુલે જવાનું અને તે પમ માસ્ક બાંધ્યા વગર...

# ગાંધીનગર કોવીડ વોર્ડમાં સોના-ચાંદીના દાગીના ગુમ થવાના કિસ્સામાં વધારો

## સ્ટાફના કર્મચારીઓના મોંઘાદાટ મોબાઈલ પણ ચોરી થયા છે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં દર્દીઓના શરીર પરથી સોના-ચાંદીના દાગીના ગુમ થવાના કિસ્સામાં વધારો થવા પામ્યો છે. દર્દીઓના સગાઓએ સિવિલ તંત્ર સમક્ષ દાગીના મેળવવા માટે લેખિત રજુઆત કરી છે. કોવીડ વોર્ડમાં વધતી જતી ચોરીને પગલે સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. અત્યાર સુધીમાં ત્રણ થી વધુ દર્દીઓના સગાઓએ દાગીના ચોરી અંગે હોસ્પિટલનું ધ્યાન દોર્યું છે. ત્યારે હવે દાગીના સાથે મોબાઈલ ચોરીના કિસ્સા પણ સામે આવતા તંત્ર સજાગ બની ચોરી અટકાવવા માટે મથામણ કરી રહ્યું છે.

મળતી માહીતી મુજબ શહેરને કોરોના અજગરી ભરડામાં લઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરમાં કોરોનાના સંક્રમિતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. પાટનગરની કોવીડ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી ૨૦૦ થી વધુ કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. પાંચ થી ૮ માળ સુધી દર્દીઓ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થાય ગોઠવાઈ ગઈ છે. હોસ્પિટલના સૌ સ્ટાફના કર્મચારીઓ રાત દિવસ જોયા વિના સતત કામગીરી કરી રહ્યા છે. ત્યારે સિવિલમાં થી દર્દીઓના દાગીના ગુમ થવાના ત્રણ જેટલા કિસ્સા સામે આવ્યા છે.

તેમાં સેકટર-૪ ખાતે રહેતી દીકરીએ પોતાના માતા પિતાના શરીર પરથી દાગીના ગુમ હોવાની લેખિત રજુઆત સિવિલ તંત્ર સમક્ષ કરી છે. જયારે બીજીતરફ હિંમતનગર મહાવીરનગર ખાતે રહેતા એક મહિલા કોરોનાની સારવાર માટે ગાંધીનગર આવ્યા હતા. સ્વસ્થ થયા બાદ તેમના પરિવારજનના સભ્યએ પણ દાગીના ગુમ અંગે લેખિત પોલીસ મથકે અરજી આપી હતી. જયારે તાજેતરમાં કોરોના પોઝીટીવ મૃતક મહિલાના હાથમાં રહેલી સોનાની બંગડીઓ પણ અચાનક ગુમ થઈ ગઈ છે.

શરીર પરથી દાગીના ગુમ થતા પરિવારજનોએ સિવિલ સમક્ષ લેખિત રજુઆત કરી છે. ત્યારે સિવિલ તંત્રએ વધતી જતી ચોરીને પગલે સીસીટીવી ફુટેજ ચેક કરવાની કવાયત હાથ ધરી છે. ત્યારે ગણતરીના દિવસોમાં જ સ્ટાફના કર્મચારીઓના મોબાઈલની પણ ઉઠાંતરી થવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા ચોરીના વધી રહેલા ઉપદ્રવને નાથવા માટે મથામણ ચાલી રહી છે.

## ખૂણેખાંચરેથી

- છેલ્લા ૩ દિવસમાં સી.એમ. ઓફિસના પાંચ કર્મયોગીઓ કોરોનાથી સંક્રમિત થયાનું બહાર આવતાં તંત્રની ચિંતા વધી છે.
- જુના સચિવાલય સંકુલ અર્થાત્ જીવરાજ મહેતા ભવનમાં આરોગ્ય કમિશનરની કચેરીમાંથી પણ વધુ કેસ મળ્યા હોવાથી તંત્ર ચિંતાતુર બન્યુ છે.
- જે જુનિયર ધારાસભ્યોને પ્રેક્ષક ગેલેરીમાં બેઠા છે તેમને લખી લાવેલા મુદ્દા વાંચવા અને માઈક પકડી રજુઆત કરવામાં તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.
- ગ્રામીણ વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન તેમજ કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણ અંગે તંત્ર દ્વારા અલાયદો રોડમેપ તૈયાર કરવાની વિચારણા ચાલી રહી છે.
- સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા જારી કરાયેલા કોરોનાના કેસોના આંકડામાં વિસંવાદિત ઉભી થઈ છે. રાજ્ય સરકારે ૫૨ કેસ નોંધાયાનું જણાવ્યું છો તો સ્થાનિક સત્તાવાળાઓએ ૪૪ જેટલા કેસ બતાવ્યા છે.
- રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આજે યોજાયેલ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે જિલ્લા તાલુકા પંચાયતના નવા સીમાંકન અંગેની બેઠક એક કલાકથી પણ વધુ સમય ચાલી હતી.

# કલાકારોને આર્થિક સહાય આપવા સરકારમાં હિતુ કનોડીયાની રજુઆત

ગાંધીનગર, તા.૨૨

કોરોન કાળ દરમયાન વર્કફ્રોમ હોમ અને નોવર્ક આ બે જ વાતનો સામનો નગરજનોએ કરવો પડયો હતો. જેમાં નગરના તથા મનોરંજન જગતના કલાકાર-કસબીઓની આર્થિક હાલત પણ માર્ચ ૨૦૨૦થી કોરોના અને કોરોનાને લીધે લાગુ પાડવામાં આવેલા લોકડાઉનના લીધે કફોડી બની છે. જેમાં ખાસ લોકસંગીત, લોકનાટય, ઓરકેસ્ટ્રા, નાટક-નૃત્ય જેવા કલાકારોનો સમાવેશ થાય છે. આ તમામ કલાકારોની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તાકીદે આર્થિક સહાયની જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવે તેવી સહુ કલાકારો વતી હીતુભાઈ કનોડીયા દ્વારા સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી છે અને મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે.

કોરોનાના કપરા કાળમાં સૌ કોઈને આર્થિક રીતે મદદની જરૂર છે કારણકે ઘણા ધંધા આ કાળમાં પડી ભાંગ્યા છે તો ઘણાને તેના ખપ પૂરતું કામ મળતું નથી ત્યારે મનોરંજન જગતના કલાકાર કસબીઓને કોરોના કાળથી કામ મળતું નથી. એપ્રિલ ૨૦૨૦થી લઈ આજ સુધી નાટયગૃહો, સિનેમાગૃહો, જાહેર કાર્યક્રમો, પ્રસંગો, મેળાવડા કે સરકારી ઈવેન્ટ તમામ બંધ છે અને હજી શરૂ થવા બાબતે અનિશ્ચિતતા છે.



### ભાજપ મહિલા મોરચાનું સિવિલમાં નવજાત શિશુઓ માટે કપડાં વિતરણ

ગાંધીનગરના ભાજપના મહિલા મોરચા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે સેવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ સેવાકાર્યો હાથ ધરવામાં આવ્યા હતા. સેવા સપ્તાહના સમાપને મહિલા મોરચા દ્વારા શહેરની સિવિલ હોસ્પિટલમાં જરૂરિયાતમંદ વર્ગની માતાઓના નવજાત શિશુઓ માટે કપડાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, મહિલા મોરચાના પ્રમુખ મણીબેન દેસાઈ તથા મહામંત્રી પ્રિયાબેન પટેલ જોડાયા હતા.

# પેથાપુર પાસેથી બે યુવકો લોડેડ પિસ્ટલ અને ૧૮ કારતુસ સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

વિજાપુર થી અમદાવાદ તરફ નીકળેલા બે બાઈક સવાર યુવકોને પેથાપુર પાસેથી એલસીબી પોલીસે દબોચી લીધા હતા. પોલીસે યુવકોની તપાસ કરતા લોડેડ પિસ્ટલ, ૧૮ કારતુસ, અને મરચાની ભુકી મળી આવી હતી. વિજાપુર ખાતે રહેતા યુવકે ખંભાતની મહિલા સાથે મળીને લુંટનો પ્લાન તૈયાર કર્યો હતો. જેને પગલે યુપીના બે શખ્સો સાથે વાત કરતા તેઓએ એક શખ્સને પિસ્ટલ સાથે ગુજરાત મોકલી આપ્યો હતો.

એલસીબી પીઆઈ એચ.પી.ઝાલના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા તે સમયે પીએસઆઈ એ.જી. એનુરકારને આરોપીઓ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે મંગળવારના રોજ સવારે ૧૧ વાગે પેથાપુ ચોકડી પાસે વિવિધ બાઈક પર આવેલા બે શખ્સોને પકડી પાડ્યા હતા. યુ.પી.૭૨.એ.વાય.-૧૬૨૦ નંબરના બાઈક પર આવેલ શખ્સ ઉતરપ્રદેશનો મહમદમુકીમ મહમદઅબ્બાસ કુરેશ (આંચલપુર) તેમ જી.જે. ૨૩.ડી.સી.-૩૯૦૮ બાઈક પર વિજાપુરનો વિપુલ હરીભાઈ પટેલ



(ઉ.૩૨ મકાન નં.૨૪ શિવાલીક હોમ્સ) હોવાનું ધ્યાને આવ્યું હતું. મુકીમ પાસેથી દેશી બનાવટની લેથ મશીન કટ લોડેડ પિસ્ટલ મેગઝીન ૩ કારતુસ મળી આવ્યા હતા. જયારે વિપુલ પાસેથી ૧૫ નંગ કારતુસ અને મરચાની ભુકી મળી આવી હતી. જેથી પોલીસે પુછતાછ કરતા વિપુલે પોતાના ઓળખીતા રસીદાબેન જાવેદભાઈ મનસુરી (રહે. લાલ દરવાજા ખંભાત), ના કહેવાથી અમદાવાદ વટવા જીઆઈડીસી ખાતે એક શેડમાં રોકડ નાણાની લુંટ કરવાનો પ્લાન તૈયાર કર્યો હતો. લુંટના પ્લાન અંગે વિપુલ યુપીના પ્રતાપગઢના સાહિત ઉર્ફે મસન ઉર્ફે પહેલવનાર મહોમદ હબીબ કુરેશી અને સત્તાર અલી કુરેશીને જાણ કરી હતી. બનાવ અંગે મુકીમને પિસ્ટલ અને કારતુસ સાથે મોકલ્યો હતો. પોલીસે રૂ.૧૦ હજારની પિસ્ટલ, ૧૮ કારતુસ રૂ.૧૮૦૦, બે મોબાઈલ ફોન કિ.૧૮૦૦૦ તેમજ બે બાઈક કિં.૭૦ હજાર અને રૂ.૮૦૦ રોકડ મળી કુલ રૂ. ૯૨,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જિલ્લા કલેકટરને "કરારી ખેતી વટહુકમ" તાત્કાલીક રદ કરવા જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા રજુઆત કરાઈ

ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ શકિતભાઈ પટેલ, ગાંધીનગર શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ કર્મજીતસિંહ વાઘેલા, રાજદિપસિંહ ગોલ, ફેનીલ પટેલ, ભરતસિંહ સહિત અન્ય ૨૦ થી વધુ યુથ કોંગ્રેસના કાર્યકરોની હાજરીમાં ખેડુતોને નુકશાનકારક સમાન "કરારી ખેતી વટહુકમ" તાત્કાલીક રદ કરવા અંગે ગાંધીનગર કલેકટરને યુથ કોંગ્રેસ દ્વારા લેખિત આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી હતી.

"આયુષ્માનનું વરદાન"

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના
આયુષ્માન ભારત
PM-JAY



આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

મુખ્યમંત્રી અમૃતમ્ "મા" યોજના
રાજ્ય સરકારની આરોગ્યલક્ષી વધુ એક ઉત્કૃષ્ટ કામગીરી

૩૩ લાખથી વધુ ઓપરેશન-પ્રોસિજર માટે જરૂરિયાતમંદોને મળ્યું આયુષ્માનનું વરદાન • રૂા.૪૫૦૦ કરોડથી વધુની આરોગ્યલક્ષી સારવાર સહાય

નિયત માપદંડો ધરાવતા લાભાર્થી પરિવારોને લાભ

• કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની કેશલેસ સારવાર • હૃદય, કીડની, કેન્સર, મગજના રોગો, નવજાત શિશુઓને લગતા રોગો, ડાયાલીસીસ, જોઈન્ટ રિપ્લેસમેન્ટ, ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન જેવી ગંભીર અને અતિ ગંભીર બિમારીઓની કુલ ૧,૭૬૩ જેટલી નિયત કરેલ પ્રોસિજરના સમાવેશ • ૨,૫૦૦થી વધુ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં વિનામૂલ્યે સારવાર



સૌને મળશે આયુષ્માનનું વરદાન,
નિઃશુલ્ક સારવાર થકી દૂર થશે બિમારી

શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત સરકાર

